# વિમા કવચ યોજના

સફાઈ કામદારોને આકસ્મિક વીમા
કવચ આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ–૧૦૨૦૦૫–૧૫૭૭–ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : – ૨૫–૭–૨૦૦૫

વંચાણે લીધાઃ– સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૯–૪–૯૭ નો ઠરાવ ક્રમાંકઃ
એસસીડબલ્યુ– ૧૦૯૭– ૩૨–ગ

ઠરાવઃ–

રાજ્યમાં સફાઈની બીન આરોગ્યપ્રદ પરિસ્થિતિ અને પધ્ધતિને કારણે સફાઈના કામ સાથે સંકળાયેલા લોકોની સારવાર પાછળકરોડો રુપિયાનો ખર્ચ થાય છે. તેમજ સફાઈ કામદારોના જીવન ધોરણ અને જવન પર સીધી અસર થાય છે. જેથી સફાઈની જોખમી અને બિન આરોગ્યપ્રદ પરિસ્થિતિ સામે વ્યકિતગત આર્થિક કવચ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સાથોસાથ આમુખમાં દર્શાવેલ થન. ૧૯–૪–૯૭ ના ઠરાવથી સફાઈ કામદારો માટે જૂથ વીમા યોજનામાં સુધારો કરવાની બાબત પણ વિચારણાધીન હતી. આ અંગે સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજ્યના આશરે ૫૦,૦૦૦ સફાઈ કામદારોને રુપિયા ૧,૦૦,૦૦૦/– ( અંકે રુપિયા એક લાખ પુરા) આકસ્મિક વ્યકિતગત વીમા કવચ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આમુખમાં દર્શાવેલ તા. ૧૯–૪–૯૭ ના ઠરાવથી અમલમાં આવેલ સફાઈ કામદારોની જૂથ વીમા યોજના તા. ૧૩–૧૦–૨૦૦૪ ની મધરાતથી અમલમાં રહેતી નથી.

૩. આ યોજના તા. ૧૪–૧૦–૨૦૦૪ થી અમલમાં મૂકવામાં આવે છે.

૪. આ યોજના પેટે વીમા રક્ષણ માટે ભરેલ પ્રીમીયમની રકમરુા. ૧૩,૦૮,૬૨૫ ને બહાલી આપવામાં આવે છે.

૫–અ. યોજનાનું પ્રીમીયમ ખર્ચ પ્રતિ વર્ષ પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃસ્થાપન યોજના હેઠળ કરવામાં આવતી વર્ષોવર્ષની જોગવાઈમાંથી કરવાનું રહેશે.

૬. આ યોજનાનું અમલીકરણ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દવારા કરવાનું રહેશે.

૭. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંની ફાઈલ પર નાંણા વિભાગની તા. ૬–૬–૨૦૦૫ ના રોજ મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એલ.તબિયાર)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
માન.રાજય પાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલ, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિતશ્રી વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓના/નાયબ મંત્રીશ્રીઓ/માન.મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીઓ.
માન.વિરોધપક્ષના નેતાશ્રી,ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ/રાજકોટ.
અગ્રસચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, (પંચાયત) પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી(ગ્રામ વિકાસ) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણાંકીય સલાહકારરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી નગરપાલિકાઓ,ગુજરાત રાજય, ગાંધીનગર.
નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય, જુના સચિવાલય,ગાંધીનગર.
મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર.
મેનેજીગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ,ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી
સર્વે કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રીઓ.
સર્વે નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓ (નિયામકશ્રી નગર પાલિકા મારફત)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે મેનેજર, ગુજરાત અુનસુચિત જાતિ વિકાસ નિગમ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સર્વે શાખા(ગ–શાખા સિવાય)
સિલેકટ ફાઈલ.

એચકેસીપેજ૯૯